**કોડીનારના એડી. ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કોડીનાર,જી. ગીર સોમનાથ.**

**કબુલાત પુરસીસ નીચે હુકમ:–**

CC NO 35-2026

આંક–

ફરિયાદી:– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી:– દિનેશભાઈ રસીકભાઈ મેર

૧. ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી ધારા ની કલમ– ૬૬(૧)બી તથા ૮૫ મુજબ નો આક્ષેપ કરતા ત.ક. અમલદારે સદર ગુના ની તપાસ કરી આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી સારૂ ચાર્જશીટ નામ. કોર્ટ મા રજુ કરેલ છે.
૨. આરોપી વિરુધ્ધ ચાર્જશીટ થતા આરોપી ને સદર કામે સમન્સ ઈશ્યુ કરતા આરોપી નામ. કોર્ટ મા હાજર રહી અને આરોપી ને વિના મુલ્યે મળવા પાળત્ર કેસ ના પેપરો કોર્ટ દવારા આપવામા આવેલ. આરોપી એ હાજર થઈ નામ. કોર્ટ મા ગુના કબુલાત પુરસીસ આપેલ છે. અને તેઓ ગુનો કબુલ કરવા માંગે છે તેવી હકીકત જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેવી હકીકત થી આરોપી ને વાકેફ કરવામા આવેલ છે અને આરોપી નુ નિવેદન નોંધતા તેને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપી એ મૌખીક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ગ ના છે.પ્રથમ ગુનો છે. તેમનો કોઈ કાયમી ધંધો નથી. છુટક મજુરી કરે છે અને મજુરી કરીએ છીએ અને મજુરી પણ પ્રતિદીન મળતી નથી. કુંટંબ નુ ગુજરાન ચલાવવા ખુબ જ અગવડતા પડે છે. અમો એ પીધેલી હાલત મા ઉપદ્રવ, ઝગડો, કે અશીસ્ત ભાષા નો પ્રયોગ કરેલ નથી કે મારામારી કરેલ નથી. પોલીસ ના તમામ કાગળો જોતા અમારી સામે આવો કોઈ આક્ષેપ નથી અને માત્ર બબડાટ કરતો મળી આવેલ નો આક્ષેપ છે. અમારી પરીસ્થીતી સારી નથી તથા ઈન્સાફી કાર્યવાહી થતા સમય જાય તેમ છે. ઈન્સાફી કાર્યવાહી ના લીગલ સ્ટેપ થી પસાર થવુ પડે તેમ છે. વકીલ ને રોકી પૈસા ખર્ચવાની અમારી કોઈ ગુંજાઇશ નથી તેમજ નામ. કોર્ટ મા મુદતે હાજર રહેતા મળતી રોજગારી પણ ખોરવાઈ
જાય છે. અમારો પ્રથમ ગુનો હોઈ અમો ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટ મા સમય તથા નાણા નો વ્યય અમારો તથા કોર્ટ નો ના થાય તેથી માફી આપવા તેમજ રહેમ રાખવા અરજ કરેલ છે.

૩. આ કામ ના આરોપી ના વિ.વ.શ્રી ને સાંભળ્યા. ગુના ના કામે પ્લી લેતા આરોપીએ ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે અને તે બાબત ની કબુલાત પુરસીસ રજુ છે.
૪. હાલ ના કેસ માં આરોપી સામે ગુજરાત નશાબંધી ધારા ની કલમ– ૬૬(૧)બી, ૮૫ મુજબનો આક્ષેપ છે જે ગુનો આરોપી એ કબુલ કરવા અરજ કરેલ છે. હાલ ના‌ા આરોપી સામે ની ફરીયાદ જોતા આરોપી જાહેર જગ્યા રસ્તા પર દારૂ પીધેલી હાલત માં લથડીયા તથા બકવાટ કરતા મળી આવેલ છે. ગુજરાત નશાબંધી ધારા ની કલમ– ૮૫ મા દર્શાવેલ તત્વો ધ્યાને લેતા કોઈ વ્યકતી જાહેર જગ્યાએ દારૂ પીધેલ હોય અને ઉપદ્રવ કરી કોઈ સાથે ઝગડો કરે, અસભ્ય વર્તન કરે અથવા અશીષ્ટ ભાષા વાપરે , મારામારી માં જોડાય, કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન કરે અથવા અશ્લીલ વર્તન કરે તો કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન કે અશ્લીલ વર્તન કર્યે દોષીત ઠર્યે થી''

ઉપરોકત કાનુની જોગવાઈ ધ્યાને લેતા હાલ ના કેસ માં પ્રથમ દર્શનીય આરોપી કાયદા મા ઉપરોકત કરેલ જોગવાઈ પ્રકાર નો કોઈ વર્તન કરેલ હોય તેવી કોઈ હકીકત કેસ ના પેપર પર થી જણાઈ આવતી નથી . જયારે આરોપી સામે આક્ષેપ મુજબ ના કોઈ પુરાવા કેસ પર ના કાગળો પર થી પ્રથમ દર્શનીય જણાઈ આવતા ન હોય ત્યારે તેવા ગુના માં જો આરોપી ગુનો કબુલ કરતો હોય તો પણ તેને સજા કરી શકાય નહી. આરોપી સામે ગુના નો આક્ષેપ તથા તમામ પરીસ્થીતી ધ્યાને લઈ તેમજ ધારાસભા નો કાયદો ઘડવા પાછળ નો રીફોર્મેટીવ હેતુ ધ્યાને લેતા કાયદા માં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવામા આવે તો ન્યાય નો હેતુ જળવાઈ તેમ છે. આરોપી નો પ્રથમ ગુનો હોય તેમજ આરોપી ની ભૌગોલીક તેમજ આર્થીક પરીસ્થીતી ધ્યાને લેતા ઉપરાંત નામ. ગુજરાત વડી અદાલત ના ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર ના ચુકાદા ના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપી ને ગુજરાત નશાબંધી ધારા ની કલમ– ૬૬(૧)બી મુજબના કામે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**આખરી હુકમ**

આરોપી ને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫** (કોરસ્પોન્ડીંગ એકટ ક્રિ.પ્રો.કોડ ની કલમ– ૨૫૨) અન્વયે આ કામ ના આરોપી ને ગુજરાત પ્રોહી એકટ ની કલમ– ૬૬(૧)બી, ૮૫ મુજબ ના ગુનામાં તકસીરવાન ઠરાવી
**રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો)** નો દંડ ભરવાની સજાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડ ના ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

આરોપી એ અગાઉ આપેલ જમીન અપીલ પીરીયડ સુધી લંબાવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ **તા.૧૪/૦૩/૨૦૨૬** ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: કોડીનાર

**(એસ.એસ.પઠાણ)**
એડી. ચીફ. જયુડી.મેજી., કોડીનાર
જજ કોડ નં. જીજે ૦૧૨૭૩